INEOS

# સપ્લાયર આચારસંહિતા





"અમારું મશિન એ અમારા ઉદ્યોગમાં અગ્રણી બનવાનું અને અમારા દેખાવમાં સતત સુધારો કરતા રહેવાનું છે, પરંતુ તેમ કરવામાં અમે કોઇપણ કારણસર અમારાં પર્યાવરણીય, સ્વાસ્થ્ય કે સુરક્ષાનાં ધોરણો સાથે સમાધાન કરીશું નહિ."

## પ્રસ્તાવના

INEOS એક જવાબદાર કૉર્પોરેટ કંપની તરીકે કામ કરવા અને તમામ સંબંધતિ સ્થાનકિ, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાયદાઓનું પાલન કરવા માટે પ્રતબિદ્ધ છે. અમારું મશિન એ અમારા ઉદ્યોગમાં અગ્રણી બનવાનું અને અમારા દેખાવમાં સતત સુધારો કરતા રહેવાનું છે, પરંતુ તેમ કરવામાં અમે કોઇપણ કારણસર અમારાં પર્યાવરણીય, સ્વાસ્થ્ય કે સુરક્ષાનાં ધોરણો સાથે સમાધાન કરીશું નહિ.

INEOS અપેક્ષા રાખે છે કે પોતાના સપ્લાયરો લાગુ પડતા કાયદાઓનું પાલન કરે અને આંતરરાષ્ટ્રીય રીતે સ્વીકૃત એવાં પર્યાવરણીય, સામાજકિ અને પ્રશાસનકિ (ESG) ધોરણોને વળગી રહે, જેમાં અમારી આચારસંહતિા તથા SHE નીતમિાં નરિ્ધારતિ કરેલ ધોરણોનો પણ સમાવેશ થાય છે.

અમારી પ્રતબિદ્ધતા જાળવી રાખવામાં સહાયતા અર્થે, આ સપ્લાયર આચારસંહતિા (SCoC) માં અમે અમારા સપ્લાયરો, સપ્લાયરોની પેટાકંપનીઓ અને સહયોગીઓ, તેઓના પેટાઠેકેદારો અને અન્ય વ્યાપારી ભાગીદારોના ઠેકેદારો અને એજંટો પાસેથી અમે શું અપેક્ષા રાખીએ છીએ તેનો સાર આપેલો છે; જેમાં નીચેના વર્ગો સાથેના સંબંધમાં સ્થાન અથવા પૃષ્ઠભૂમસિાથે કોઇ સંબંધ નથી:

- સ્વાસ્થ્ય અને સુરક્ષા
- પર્યાવરણીય રક્ષણ
- મજૂરો સાથે સંબંધતિ આચરણો અને માનવાધકિારો
- નીતમિત્તા અને વ્યાપારનાં ન્યાયી આચરણો

INEOSના એક સપ્લાયર તરીકે અને અમારી પુરવઠા શૃંખલાના ભાગ તરીકે, અમે અપેક્ષા રાખીએ છીએ કે તમે આ SCoCમાં આપેલી રૂપરેખા અનુસારનાં મૂલ્યો અને સદ્ધિાંતોને અનુરૂપ તમારો વ્યાપાર કરશો અને લાગુ પડતા બધા કાયદાઓ તથા વનિયિમોનું હંમેશાં સંપૂર્ણ પાલન કરશો તથા તે પ્રમાણે તમારા પોતાના સપ્લાયરો અને પ્રતપિક્ષકારોની તમે પસંદગી કરશો.

INEOS માટે અથવા તેની સાથે કામ કરવાનો સ્વીકાર કરીને સપ્લાયરો આ SCoCનું પાલન કરવા માટેની પ્રતબિદ્ધતા દાખવે છે. આ SCoCનું તમે કેટલું પાલન કરો છો તેની ખરાઇ કરવા માટે ઑડટિ અને મૂલ્યાંકન કરવાનો અધકિાર INEOS પાસે સુરક્ષતિ રહે છે.

આ SCoC સાથે સુસંગત ન હોય અથવા તેનું જેમાં ઉલ્લંઘન થતું હોય એવા આચરણના પરણિામે INEOS સાથેનો વ્યાપાર રદ કરવામાં આવી શકે છે અથવા તેનો અંત લાવવામાં આવી શકે છે. આ SCoC સાથે કોઇ પણ વસિંગતઉિદ્ભવે અથવા તેનું ઉલ્લંઘન થાય તો તે અંગે તમારા INEOSના સંપર્કને અથવા આ ઇમેલ પર ગોપનીય રીતે સીધી જાણ કરી શકાશે: procurement.feedback@ineos.com

## સ્વાસ્થ્ય અને સુરક્ષા

સ્વાસ્થ્ય અને સુરક્ષા એ INEOS માટે અત્યંત અગત્યનું છે. સપ્લાયરો કામકાજનું સુરક્ષિત વાતાવરણ પૂરું પાડશે અને તેને જાળવી રાખશે અને સ્વાસ્થ્ય તથા સુરક્ષાનાં મજબૂતત આચરણોને અપનાવવા માટે આગ્રહ કરશે.

- **વ્યાવસાયિક સ્વાસ્થ્ય, સુરક્ષા અને જોખમ નિષેધ**
  કોઇ દુર્ઘટના અને ઇજાથી મુક્ત કામકાજનું વાતાવરણ સર્જવાના ઉદ્દેશ્ય સાથે અને પોતાની પ્રવૃત્તિઓ સાથે સંબંધિત વ્યાવસાયિક બિમારી અને સ્વાસ્થ્યની સમસ્યાઓના ઉદ્ભવને અટકાવવાના ઉદ્દેશ્ય સાથે લાગુ પડતા કાયદાઓ અને વિનિયમો અનુસાર બધા કર્મચારીઓ અને સાઇટ પરના ઠેકેદારો માટે કામકાજનું સુરક્ષિત, તંદુરસ્ત વાતાવરણ પૂરું પાડવું અનિવાર્ય છે.
- **કટોકટીનું નિયમન**
  સપ્લાયરોએ કટોકટીની સંભવિત પરિસ્થિતિઓને ઓળખશે અને તેનું મૂલ્યાંકન કરશે. પ્રત્યેક પરિસ્થિતિ માટે સપ્લાયરો કટોકટીની યોજનાઓ અને પ્રતિભાવની કાર્યપ્રણાલીઓ વિકસાવશે અને તેના પર અમલ કરશે, જેથી જીવન, પર્યાવરણ અને સંપત્તિને ઓછામાં ઓછું નુકસાન થાય.
- **ગટરવ્યવસ્થા, ખોરાક અને નિવાસ**
  સપ્લાયરોએ કર્મચારીઓને અને સાઇટ પરના ઠેકેદારોને વાજબીપણે સુલભ, ગટરવ્યવસ્થા સાથેનાં નિવાસસ્થાનો અને જ્યાં લાગુ પડતું હોય ત્યાં સ્વચ્છ અને સુરક્ષિત શયનકક્ષ, ભોજન, રસોઇઘર અને સંગ્રહની સુવિધાઓ પૂરી પાડે.
- **સંવાદ અને તાલીમ**
  કર્મચારીઓ અને સાઇટ પરના ઠેકેદારોને સ્વાસ્થ્ય અને સુરક્ષા અંગેની સમસ્યાઓ અંગે પૂરતી માહિતી આપવાનીએ રહીશે તથા સ્વાસ્થ્ય અને સુરક્ષાનાં જોખમોને શક્ય તેટલાં ઓછાં કરવા માટે તેઓની સ્થાનિક ભાષામાં યોગ્ય તાલીમ પૂરી પાડવાની રહેશે.
- **જીવનરક્ષક નિયમો**
  સપ્લાયરો અને તેઓના તરફથી કામ કરતા લોકો INEOSનાં પરિસરો પર કામ કરતી વખતે INEOSના 7 જીવનરક્ષક નિયમોનું પાલન કરશે (www.ineos.com).






# પર્યાવરણીય રક્ષણ

અમે અપેક્ષા રાખીએ છીએ કે અમારા સપ્લાયરો તમામ લાગુ પડતા પર્યાવરણીય કાયદાઓ અને વિનિયમોનું પાલન કરે અને સંસાધનનું સંરક્ષણ થાય એ રીતે વ્યાપાર કરે. ઉત્પાદન, વિતરણ અને પરિવહનની પ્રક્રિયાઓ દરમિયાન સપ્લાયરો પોતાનાં ઉત્પાદનોના જીવનચક્રનાં જોખમો અને પર્યાવરણીય અસરોને ઓળખશે.

- **સંસાધનોની કાર્યક્ષમતા**
  સંવર્ધન અને વિસ્થાપનનાં પગલાંઓ પર અમલ કરીને સપ્લાયરો ઊર્જા, જળ અને પ્રાકૃતિક સંસાધનોની ખપતને ઓછી કરશે.
- **નકામાં પાણી અને હવામાં થતાં ઉત્સર્જનોનું નિયમન**
  પોતાની કામગીરીઓ દ્વારા બનતાં નકામાં પાણી અને હવામાં થતાં ઉત્સર્જનોને ઓળખવા, નિયંત્રિત કરવા અને ઘટાડવા માટે સપ્લાયરો એક પદ્ધતિસરના અભિગમ પર અમલ કરશે.
- **કચરાનો નિકાલ**
  સપ્લાયરો જોખમી અને બિનજોખમી પદાર્થોને ઓળખવા, નિયંત્રિત કરવા, ઘટાડવા અને જવાબદારીપૂર્ણ રીતે તેનો નિકાલ અથવા રિસાઇક્લિંગ કરવા માટે પદ્ધતિસરના અભિગમ પર અમલ કરશે.
- **પ્રદૂષણનો અટકાવ**
  સપ્લાયરો ઘટાડા/વિસ્થાપનનાં પગલાંઓનો અમલ કરીને અને પ્રદૂષણ અટકાવીની જોખમી પદાર્થની ખપતને શક્ય તેટલી ઓછી કરશે.
- **સામગ્રીને સુરક્ષિત રીતે સંભાળવી**
  બધી સામગ્રીના સુરક્ષિત હૅન્ડલિંગ, ઉપયોગ, સંગ્રહ, પરિવહન અને નિકાલની ખાતરી કરવા માટે સપ્લાયરો પાસે વ્યવસ્થાઓ હશે.
- **પરવાનગી આપવી**
  સપ્લાયરો બધી જરૂરી પર્યાવરણીય મંજૂરી મેળવશે, તેનાથી માહિતગાર રહેશે અને તેનું પાલન કરશે.
- **સ્થાનિક રહીશો માટે સ્વાસ્થ્ય અને સુરક્ષાનાં જોખમો**
  સપ્લાયરો ચીજવસ્તુઓના પરિવહન સહિત સ્થાનિક રહીશો પર પોતાની પ્રવૃત્તિઓથી પડનારી અસરોનું પદ્ધતિસર અને નિયમિતપણે મૂલ્યાંકન કરશે.

## મજૂરો સાથે સંબંધિત આચરણો અને માનવાધિકારો

INEOS માને છે કે બધો સ્ટાફ એક ન્યાયી અને નૈતિક કાર્યસ્થળનો હકદાર છે અને તેમની સાથે ગરિમા અને આદર સાથે વ્યવહાર કરવો જોઇએ. સપ્લાયરોએ માનવાધિકારોનાં ઉચ્ચ ધોરણો જાળવવાનાં રહેશે.

- **ભેદભાવવિરોધી, સતામણીવિરોધી અને ગેરવર્તનવિરોધી નીતિ**
  સપ્લાયરોએ કોઇને કામ આપવા અને રોજગારનાં અન્ય આચરણો, જેમ કે પગાર, બઢતી, પુરસ્કાર, તાલીમની સુવિધા, રોજગારનો અંત અને નિવૃત્તિ વિગેરી બાબતોમાં જાતિ, રંગ, ધર્મ, લિંગ, વય, રાષ્ટ્રીય અથવા સામાજિક મૂળ, જાતીય ઝુકાવ, લૈંગિક ઓળખ, વૈવાહિક સ્થિતિ, વિકલાંગતા, રાજકીય સંલગ્નતા અથવા યૂનિયનના સભ્યપદના આધારે સ્ટાફના કોઇપણ સભ્ય વિરુદ્ધ ભેદભાવ આચરવો નહિ. સપ્લાયરોએ સતામણી, દૈહિક દંડ, બળજબરી અને ગેરવર્તનથી મુક્ત કાર્યસ્થળ પૂરું પાડવાનું રહેશે. કોઇપણ ધાકધમકી અથવા અન્ય સ્વરૂપે અપાતી દમદાટી પ્રતિબંધિત છે.

- **બળજબરીથી કરાવાતી મજૂરી અને માનવ તસ્કરી પર નિષેધ**
  સપ્લાયરોએ ખાતરી આપવી જોઇએ કે બધું કાર્ય સ્વૈચ્છિક છે. રોજગારના કરારો કર્મચારીઓને સરળતાથી સમજાવા જોઇએ અને વાજબી સમયગાળાની નોટિસ આપીને તેઓ પોતાના રોજગારનો અંત લાવવા માટે સ્વતંત્ર હોવા જોઇએ. તેઓએ માનવતસ્કરી કરવી નહિ અથવા બળજબરીપૂર્વકની, બંધન, ગુલામી કે કેદ સાથેની મજૂરીના કોઇ સ્વરૂપનો ઉપયોગ કરવો નહિ. રોજગારની શરત તરીકે કર્મચારીઓએ કોઇ વ્યક્તિગત ઓળખ સાથેના દસ્તાવેજો જમા કરાવવા ન જોઇએ.

- **બાળ/ઓછી ઉંમરના લોકો પાસે કરાવતી મજૂરીનો અટકાવ**
  સપ્લાયરોએ સ્ટાફના માત્ર એવા જ સભ્યોને નોકરીએ રાખવા, જેઓની ઉંમર ઓછામાં ઓછી 15 વર્ષ હોય અથવા લાગુ પડતી લઘુત્તમ કાનૂની ઉંમર હોય, બેમાંથી જે વધારે હોય. 18 વર્ષથી ઓછી ઉંમરના લોકો માટે સપ્લાયરોએ હાજરીને ઓળખવી, સ્વાસ્થ્ય, કામકાજની સ્થિતિઓ, કામના કલાકો પર નજર રાખવી અને જોખમી કાર્ય માટે કોઇને નોકરીએ રાખવા નહિ અથવા એવી ઢબે કામ કરાવવું નહિ જે આર્થિક રીતે શોષણકારી હોય, શિક્ષણમાં ખલેલ કરે અથવા સ્વાસ્થ્ય માટે હાનિકારક હોય, શારીરિક, માનસિક, આધ્યાત્મિક, નૈતિક કે સામાજિક વિકાસ માટે બાધક હોય. શૈક્ષણિક લાભ માટે કાનૂની કાર્યસ્થળ પ્રશિક્ષણ કાર્યક્રમો સ્વીકાર્ય છે, શરત એ કે તે ILOની લઘુત્તમ વય સંધિક્રમાંક 138ની કલમ 6 કે 7 સાથે સુસંગત હોય.

- **કામકાજની પરિસ્થિતિઓ**
  કામકાજની સ્થિતિઓ, આરામના કલાકો, દિવસો, વેતન અને પગાર સાથેના સંબંધમાં સપ્લાયરોએ બધા લાગુ પડતા કાયદાઓ, વિનિયમો અને/અથવા સામૂહિક સમજૂતીઓનું પાલન કરવું જોઇએ.

- **ઍસોસિએશન બનાવવાની અને સામૂહિક સોદાબાજી કરવાની સ્વ-તંત્રતા**
  કાનૂની રીતે અપાતી પરવાનગી પ્રમાણે, સપ્લાયરો પોતાના કર્મચારીઓને મુક્તપણે તેઓની પસંદગીનાં લોકો અને સંસ્થાઓ સાથે જોડાવાની અને સામૂહિક રીતે સોદાબાજી કરવા માટે પ્રતિનિધિત્વ ઇચ્છવાની મંજૂરી આપશે. ઠપકા અથવા સતામણીની ધમકીઓ વિના કામકાજની પરિસ્થિતિઓ અથવા સંભવિતપણે ગેરકાનૂની આચરણો વિશે પોતાની ચિંતાઓ વ્યક્ત કરવા માટે સપ્લાયરો કર્મચારીઓને મંજૂરી આપશે.






## નીતિમત્તા અને વ્યાપારનાં ન્યાયી આચરણો

અમે અપેક્ષા રાખીએ છીએ કે અમારા સપ્લાયરો વાજબી અને નૈતિક ઢબે વ્યાપાર કરે અને પોતાની વ્યાપારી કામગીરીઓને લાગુ પડતા આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને સ્થાનિક કાયદાઓ અને વિનિયમોનું સંપૂર્ણ પાલન થાય તે રીતે કામ કરે અને તમામ જરૂરી પરવાનગીઓ મેળવે.

- **વિશ્વાસનો વિરોધ અને સ્પર્ધા**
  સપ્લાયરો વિશ્વાસના વિરોધ અને સ્પર્ધા સંબંધિત કાયદાઓનું પાલન કરે તે અનિવાર્ય છે.
- **આંતરરાષ્ટ્રીય વ્યાપાર**
  સપ્લાયરો આંતરરાષ્ટ્રીય વ્યાપાર અને નિકાસ નિયમન વિનિયમો તેમજ રાષ્ટ્રીય અથવા પૂર્વરાષ્ટ્રીય સંસ્થાઓ અથવા સરકારો દ્વારા લાદવામાં આવેલ નિયંત્રણો અને પ્રતિબંધોનું પાલન કરે તે ફરજિયાત છે.
- **લાંચ અને ભ્રષ્ટાચાર**
  સપ્લાયરો ખંડણી અને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અપાતી લાંચ, નાણાંની હેરફેર અને ઇન્સાઇડર ડીલિંગ સહિત ભ્રષ્ટાચારનાં કોઇપણ અને બધાં સ્વરૂપોથી દૂર રહે.
- **ભેટસોગાદો અને મનોરંજન**
  સપ્લાયરો એ બાબતનો આદર કરશે કે INEOSના કર્મચારીઓ એવી કોઇ ભેટ કે તરફેણનો સ્વીકાર ન કરે જેનાથી નિર્ણયોની નિષ્પક્ષતા જોખમાય અથવા તેના વિશે શંકાઓ ઊભી થાય. સપ્લાયરો ખાતરી કરશે કે ગ્રાહકો, સરકારી અધિકારીઓ, તેઓના વતી વ્યવહાર કરતા પેટાઠેકેદારો કે અન્ય પક્ષકારોને કરાતી ચૂકવણીઓ, અપાતી ભેટસોગાદો કે તેમને અપાતાં અન્ય વચનો લાગુ પડતા લાંચરુશ્વતવિરોધી કાયદાઓ અનુસાર હોય.
- **હિતોનો ટકરાવ**
  સપ્લાયરોએ INEOSને INEOSના એક સપ્લાયર તરીકે હિતોના સંભવિત અથવા વાસ્તવિક ટકરાવ વિશે માહિતી આપવાની રહેશે.
- **બૌદ્ધિક સંપદા અને ગોપનીયતા**
  સપ્લાયરો INEOSના એક સપ્લાયર તરીકે ચોક્કસ સમાવેશિતા સાથે કોઇ પણ પ્રકારે સાતત્યપૂર્ણ ન હોય એવી રીતી INEOSની બૌદ્ધિક સંપદાનો ઉપયોગ નહિ કરે, તેનો અપ્રામાણિક રીતે ઉપયોગ નહિ કરે કે તેનો પ્રચાર નહિ કરે.

March 2021

INEOS

38 Hans Crescent, Knightsbridge
London SW1X 0LZ, UK

www.ineos.com